RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 186 *Date: 27.04.2025,Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# અહિંસા જરૂરી પણ અત્યાચારીઓને સબક શીખવાડવો પણ આપણો ધર્મ: મોહન ભાગવત



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલા બાદ દેશ પાકિસ્તાન વિરૂદ્ધ રોષમાં છે. આ મામલે આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે પણ અત્યાચાર કરનારાઓને પાઠ ભણાવવા આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું છે કે, 'અત્યાચારીઓને પાઠ ભણાવવો એ જ અમારો ધર્મ છે.'ભાગવતે કહ્યું કે, 'અત્યાચારીઓને પાઠ ભણાવવો હિંસા નથી પણ અહિંસા છે. અહિંસા આપણો ધર્મ છે, પરંતુ અત્યાચાર કરનારાઓને ધર્મ શીખવવો પણ જરૂરી છે. આપણે ક્યારેય આપણા પડોશીઓને નુકસાન પહોંચાડતા નથી. તેમ છતાં જો તે સતત ખોટા રસ્તા પર ચાલે તો રાજાનું કર્તવ્ય છે કે તે પ્રજાનું રક્ષણ કરે. રાજા પોતાનું કામ કરશે.'

વધુમાં કહ્યું કે, 'આ હુમલો એ યાદ અપાવે છે કે આ ધર્મ અને અધર્મ વચ્ચેની લડાઈ છે. લોકોની તેમનો ધર્મ પૂછીને હત્યા કરવામાં આવી. હિન્દુઓ ક્યારેય આવું નહીં કરે. આ આપણો સ્વભાવ નથી. દ્વેષ અને દુશ્મનાવટ આપણી સંસ્કૃતિમાં નથી, પરંતુ ચૂપચાપ સહન કરવું પણ આપણી સંસ્કૃતિ નથી. આપણા હૃદયમાં પીડા-દુઃખ છે. આપણે ગુસ્સામાં છીએ. આ દુષ્ટ પાપીઓને ખતમ કરવા માટે આપણે આપણી તાકાત બતાવવી પડશે.'

આગળ ભાગવતે કહ્યું કે, 'રાવણનો પણ વધ કરવામાં આવ્યો હતો. કારણકે, તેણે પોતાનું મન બદલવાનો ઈનકાર કર્યો હતો. કોઈ વિકલ્પ જ બચ્યો ન હતો. ભગવાન રામે તેને સુધરવાની તક આપી હતી, પરંતુ તે સુધર્યા નહીં, અને તેમનો વધ કરવામાં આવ્યો.'

અમને મજબૂત કાર્યવાહીની અપેક્ષા છે. ખરેખર એક સાચા અહિંસક વ્યકિતએ મજબૂત બનવું પડશે. જો તાકાત નહીં બતાવી તો તેઓ તેનો ફાયદો ઉઠાવશે. આપણે આપણી તાકાત બતાવવી પડશે અને તેમને પાઠ ભણાવવો પડશે.

## કેન્દ્ર સરકારના ૪૮ કલાકમાં દેશ છોડવાના આદેશના પગલે હાલારમાંથી ૩૪ પાકિસ્તાનીઓને પરત મોકલવાની કવાયત




જમ્મુ કાશ્મીરના પહલગામમાં સહેલાણીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડી દેવાનો આદેશ કર્યો હતો. ત્યારે ગુજરાત સરકાર પણ રાજ્યમાં રહેતા પાકિસ્તાની નાગરિકોને લઈને એકશન મોડમાં આવી ગઈ છે. ગુજરાતમાં પણ જે કોઈ કારણસર પાકિસ્તાની નાગરિકો ભારત આવ્યા છે, તેમને પરત પાકિસ્તાન મોકલવાની કવાયત તેજ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતમાં લોંગ ટર્મ વીઝા ધરાવતા ૪૩૮ પાકિસ્તાની નાગરિકો અને શોર્ટ ટર્મ વિઝા ધરાવતા ૦૭ પાકિસ્તાની નાગરિકો હાલ ગુજરાતમાં ઉપસ્થિત છે. જેમાં લોંગ ટર્મ વાળા ૩૧ પાકિસ્તાની નાગરિકો જામનગર અને ત્રણ નાગરિકો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હોવાની વાત સામે આવી છે.

પહેલગામ હુમલા બાદ અને કેન્દ્ર સરકારના કડક વલણને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં વિઝિટર વિઝા પર આવેલા કેટલાક પાકિસ્તાનના નાગરિકોને પરત મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આવા નાગરિકોને પરત મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે,જેમાં ભરૂચમાં શોર્ટ ટર્મ વિઝિટર વિઝા પર રોકાયેલા એક પાકિસ્તાની મહિલા નાગરિકને અટારી બોર્ડર ખાતે મોકલી આપી પાકિસ્તાન પરત મોકલવામાં આવ્યા છે.

## અનોખો વિરોધ : નોકરી ન મળતા નર્મદાના અસરગ્રસ્તો ટાવર પર ચઢી ગયા

ગુજરાતના નર્મદાના એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમ વચ્ચે આવેલા ગોરા ગામ પાસે નર્મદાના ત્રણ અસરગ્રસ્તો ટાવર ઉપર ચઢી ગયા હતાં. અસરગ્રસ્તોનું કહેવું છે કે, સ્ટેચ્યુ ઑફ યુનિટિ બનાવતા પહેલાં અમને સરકારે કટ ઑફ ડેટમાં નોકરી આપવાનું કહ્યું હતું પરંતુ, હજુ સુધી નોકરી આપી નથી. તેથી અમે વિરોધ કરી રહ્યા છે. નર્મદાના એકતાનગર ખાતે આવેલા ગોરા ગામ પાસે નર્મદાના અસરગ્રસ્તોને નોકરી આપવાની સરકારે વાત કરી હતી. જોકે, હજુ સુધી નોકરી ન મળતા પાણસોલી વસાહતના પ્રવીણ રણછોડ, સીમડિયા વસાહકના મહેશભાઈ અને બરોલી વસાહતના બાલુભાઈ



ટાવર પર ચઢીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ લોકોનું કહેવું છે, ૧૯ ગામોના અસરગ્રસ્તોને ગુજરાત સરકાર કટ-ઑફ ડેટમાં નોકરીનો લાભ નથી આપતી. અમને ગુજરાતની બદલે મધ્ય પ્રદેશમાં નોકરી આપવામાં આવી છે. વારંવાર અમે રાજ્ય સરકાર સાથે બેઠકો કરી પરંતુ, અમને ફક્ત લાભ આપવાનું આશ્વાસન આપી છેતરવામાં આવી રહ્યા છે. હવે જ્યાં સુધી અમને ન્યાય નહી મળે ત્યાં સુધી અમે ટાવર પરથી નીચે નહી ઉતરીએ.

## મુંબઈના લોખંડવાલામાં ઈમારતમાં ભીષણ આગ, એકનું મોત, ૬ ઈજાગ્રસ્ત



દેશની આર્થિક રાજધાની કહેવાતી મુંબઈના જાણીતા વિસ્તાર લોખંડવાલામાં એક રહેણાક ઈમારતમાં ભીષણ આગ લાગી હોવાના અહેવાલ સામે આવ્યા છે. આગની આ ઘટનામાં પ્રાથમિક અહેવાલોમાં એકનું મોત અને ૬ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી રહી છે. મૃત્યુ પામનાર મહિલા ૩૬ વર્ષની હતી જ્યારે અન્ય ૬ લોકો ઘાયલ થયા હતા જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આગની આ ઘટના લોખંડવાલા વિસ્તારમાં આવેલી બ્રૂક ફિલ્ડ ઈમારતમાં લાગી હતી. જેને ઓલવવા માટે ૬ થી વધુ ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે ધસી આવ્યા હતા.

## પાકિસ્તાની નાગરિકોને શોધવા ગાંધીનગર પોલીસ સક્રિય:જિલ્લામાં ૨૯ પાકિસ્તાની નાગરિકોની યાદી તૈયાર, બાંગ્લાદેશી નાગરિકોની પણ તપાસ શરૂ

કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો છે. બંને દેશોએ વીઝા પર આવેલા લોકોને દેશ છોડવાનો આદેશ આપ્યો છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રએ ગાંધીનગર, દહેગામ અને કલોલ તાલુકામાં ૨૯ પાકિસ્તાની નાગરિકોની યાદી તૈયાર કરી છે. ગુજરાતમાં કુલ ૪૩૮ પાકિસ્તાની નાગરિકો લોંગ ટર્મ વિઝા પર રહે છે.

ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ જિલ્લા પોલીસ વડાને કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી છે. કેન્દ્ર




સરકારે પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત છોડવાનો આદેશ આપ્યો છે. જોકે, પાકિસ્તાનથી આવેલા હિન્દુ શરણાર્થીઓને મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખવાનું કહેવામાં આવ્યું છે.

પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકી હુમલામાં ૩૦થી વધુ પ્રવાસીઓ મૃત્યુ પામ્યા હતા. આ ઘટના બાદ ભારતે અટારી અને પાકિસ્તાને વાઘા બોર્ડર બંધ કરી દીધી છે. બંને દેશોએ એકબીજાના વીઝા રદ કર્યા છે. દરમિયાન, ગાંધીનગર પોલીસે જિલ્લામાં રહેતા બાંગ્લાદેશી નાગરિકોને શોધવાની કામગીરી પણ શરૂ કરી છે. તમામ પોલીસ અધિકારીઓને પોતાના વિસ્તારમાં રહેતા બાંગ્લાદેશી નાગરિકોની માહિતી એકત્ર કરવા સૂચના આપવામાં આવી છે.

## સીજી રોડ, સાયન્સ સિટી વિસ્તારમાં જાહેરાતનાં હૉર્ડિંગ દેખાય તે માટે ૧૦થી વધુ વૃક્ષ કાપી નખાયાં

અમદાવાદ. સીજી રોડ પર આ?વેલા સમીર કોમ્પલેક્સની પાસેની ફૂટપાથ પર જાહેરખબરનાં હૉર્ડિંગ્સને નડતરરૂપ પાંચ ઝાડ કાપી નખાયાં હતાં. ફૂટપાથ પરનાં આ ઝાડ કોણ કાપી ગયું તે મ્યુનિ.ને ખબર જ નથી અને તેણે કોમ્પલેક્સના ચેરમેનને નોટિસ આપી સંતોષ માની લીધો. આ સિવાય સાયન્સ સિટી વિસ્તારમાં પણ પાંચ વૃક્ષ કાપી નાખવા મામલે સત્યમ કોમ્પલેક્સ જેબીઆર કોમ્પલેક્સના ચેરમેનને નોટિસ અપાઈ છે. જોકે સીજી રોડ અને સાયન્સ સિટીના જે બે કોમ્પ્લેક્સ સામેનાં વૃક્ષ કાપી નખાયાં તેમાં બંનેના ચેરમેન સેક્રેટરીને પણ ખબર નથી કે આ ઝાડ કોણ કાપી ગયું.

વિરાટનગરમાં પણ બે-ત્રણ દિવસ પહેલાં હૉર્ડિંગ્સ દેખાય તે માટે એડવર્ટાઇઝિંગ એજન્સીના ૫૦ ઝાડ કાપી નખાયાં છે. આ બંને સ્થળે એજન્સીઓને જાહેરખબરના હૉર્ડિંગ્સ લગાવવા માટે સોસાયટીએ જ મંજૂરી આપી હતી. સોસાયટી તેના બદલામાં આવક રળવાની હતી.

સમીર કોમ્પલેક્સ, સત્યમ કોમ્પલેક્સ, જેબીઆર કોમ્પ્લેક્સના ચેરમેન - સેક્રેટરીને નોટિસ આપી તેમની પાસે જાહેરખબરના હૉર્ડિંગ્સ આગળનાં વૃક્ષો કાપવા મામલે ખુલાસો માગ્યો છે. આ અંગેના જવાબો આવ્યા બાદ આગળની કામગીરી કરાશે.

તંત્રી લેખ......

## અમેરિકામાં ૧૮૮ કંપનીઓ નાદાર થઈ, ૧૫ વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો

અમેરિકામાં નાદારીમાં જતી કંપનીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ૧૮૮ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ છે. જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર કરતાં ૪૯% વધુ છે. ૨૦10 પછી એક જ ત્રિમાસિક ગાળામાં નાદારી પામેલ કંપનીઓની આ સૌથી મોટી સંખ્યા છે. ૨૦૨૦ની કોરોના મહામારી દરમિયાન પણ આ સંખ્યા ૧૫૦ને પાર કરી શકી નથી. આ રીતે મોટી અમેરિકન કંપનીઓના નાદારીનો ૧૫ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. ગયા વર્ષે દેશમાં કુલ ૬૯૪ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ હતી.૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ઔદ્યોગિક ક્ષેત્રની ૩૨ કંપનીઓ નાદાર થઈ ગઈ. એ જ રીતે કન્ઝયુમર સેક્ટરની ૨૪ કંપનીઓ અને હેલ્થકેર સેક્ટરની ૧૩ કંપનીઓએ પોતાને નાદાર જાહેર કર્યા છે. એવું માનવામાં આવે છે કે વિદેશી વસ્તુઓ પર ટેરિફ લાદવાથી દેશમાં મોંઘવારી વધી શકે છે અને દેશ મંદીમાં સપડાઈ શકે છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ૨૪૫ ટકા ટેરિફ લાદી છે. આ કારણોસર, ઘણી અમેરિકન કંપનીઓ ચીનમાંથી પોતાનો બિઝનેસ સમેટી લેવાની તૈયારી કરી રહી છે. જો તેઓ અમેરિકામાં માલનું ઉત્પાદન કરે છે તો તેમના માટે આ બહુ મોંઘો સોદો હોઈ શકે છે. આનો અર્થ એ થયો કે આગામી દિવસોમાં ઘણી વધુ કંપનીઓ નાદાર થવાની શક્યતા છે૨૦૧૦ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૨૫૪ કંપનીઓ નાદાર થઈ હતી જ્યારે ગયા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નાદાર થનારી કંપનીઓની સંખ્યા ૧૩૯ હતી. નિષ્ણાતો કહે છે કે નબળી બેલેન્સશીટ ધરાવતી કંપનીઓ મુશ્કેલીનો સામનો કરી રહી છે. તેમનું દેવું પરિપક્વ થઈ રહ્યું છે અને ઊંચા વ્યાજ દરોને કારણે તે તેને પુનઃધિરાણ કરવામાં સક્ષમ નથી.

## રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૨૪ કલાક કાર્યરત રહેશે

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ત્રણ મહિના સુધી ૨૪ કલાક ખુલ્લુ રહેશે. અહીં કોઈપણ સમયે ઈન્ટરનેશનલ ફલાઈટનું લેન્ડિંગ થઈ શકશે. દુબઈ, ઓમાન, શાહજહાં, અમીરાત સહિત મિડલ ઈસ્ટની ફલાઈટ માટે રાજકોટ એરપોર્ટને ૨૪ કલાક ચાલુ રાખવા એરપોર્ટ ઓથોરિટી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.બીજી તરફ અમદાવાદ એરપોર્ટથી ઓપરેટ થતી લંડનની ફલાઈટ પણ હવે પાકિસ્તાનના એરસ્પેસન ઉપયોગ નહીં કરે તેવી શક્યતા છે, જેથી આગામી સમયમાં તેની જાહેરાત થઈ શકે છે. હજી સુધી તેની જાહેરાત નહીં થઈ હોવાનું એરપોર્ટના સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

પહેલગામ આતંકી હુમલા બાદ ભારત સરકરાના પગલાંને લઈ પાકિસ્તાને ભારતીય એરલાઈન્સ માટે એરસ્પેસ ક્લોઝ કરતા હાઈ ઓથોરિટી દ્વારા મિડલ ઈસ્ટ દેશોમાંથી આવતી ફલાઈટની ઈમરજન્સી લેન્ડિંગ માટે આ નિર્ણય લઈ રાજકોટ એરપોર્ટ ઓથોરિટીને જાણ કરવામાં આવી હતી. આ સંદર્ભે એરપોર્ટ ડિરેક્ટર દિગંત બોરાહના અધ્યક્ષ સ્થાને ગઈકાલે મહત્ત્વપૂર્ણ મિટિંગ મળી હતી. જેમાં એરપોર્ટના તમામ વિભાગના અધિકારીઓ અને ખાસ કરીને ઓપરેશનલ ટીમ સાથે અગત્યની વાટાઘાટો સાથે ૨૪ કલાક એરપોર્ટને ચાલુ રાખવા માટે વધુ ૫૦ જેટલો સ્ટાફને મોકલવા વેસ્ટર્ન રીજનને જાણ કરવામાં આવી છે. આ ઉપરાંત કસ્ટમ, ઈમિગ્રેશનની ઓથોરિટીને જાણ કરી છે.

ઓમાન, દુબઈ, દોહા અને શાહજહાં માટે ઈન્ડિગો અને એર ઈન્ડિયાની ફલાઈટ દિલ્હીથી ઉડાન ભરે છે. આ સેક્ટર માટે પાકિસ્તાનના કરાચી અને લાહોર નેવિગેશન રૂટનો ઉપયોગ થતો હતો. નેવિગેશનનો આ મેપ શોર્ટકટ હતો અને ઈંધણ પણ ઓછું વપરાય છે. પાકિસ્તાનના આ નિર્ણયથી આ ફલાઈટ લાહોર કે કરાંચી જઈ શકે તેમ નથી એટલે અમદાવાદ એરપોર્ટને ઈમરજન્સી માટે એપ્રોચ કરાયો હતો

## ભારત સરકાર સાથે ૧૫૦ કરોડની છેતરપીંડી-બોગસ દસ્તાવેજ તથા બોગસ હથીયાર લાઇસન્સના ગુન્હાના ૩ ફરાર આરોપીઓને SOGની ઝપટે

ભારત સરકાર સાથે દોઢસો કરોડની છેતરપીંડી-બોગસ દસ્તાવેજ બનાવનાર તથા બોગસ હથીયાર લાઈસન્સના ગુન્હાના ૩ ફરાર આરોપીઓને જામનગરની એસ.ઓ.જી.એ વોચ ગોઠવી કચ્છમાંથી પકડી પાડ્યા છે, અને તેઓને જામનગર લઈ આવ્યા બાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધા છેજામનગર સીટી સી ડીવી. પોલીસ સ્ટેશનના બી.એન.એસ. કલમ-૩૧૬(૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૧(૧), ૩૪૧(૨), ૩૪૧(૩), ૩૪૧(૪), ૬૧ મુજબ તથા સુરત શહેર ડી.સી.બી. ક્રાઈમ પો.સ્ટે.ના બી.એન.એસ. કલમ-૩૩૬(૨), ૩૩૭, ૩૩૮,



૩૩૯, ૩૪૧, ૫૪ તથા આર્મસ એકટ કલમ-૨૫(૧-બી)(એ), ૨૭, ૨૯, ૩૦ મુજબના ગુન્હાના આરોપીઓ સત્યજીતસિંહ યોગેન્દ્રસિંહ જાડેજા, મયુરસિંહ ભરતસિંહ સોઢા તથા વનરાજસિંહ પ્રવિણસિંહ વાળા વિરૂધ્ધમા ઉપરોકત મુજબના ગુન્હોઓ દાખલ થયેલા છે.

જેમાં આરોપીઓએ ફરીયાદી તથા કાયદાથી સ્થાપીત ભારત સરકાર સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગંભીર ગુન્હો આચરેલ હોય અને આરોપીઓ ગુન્હો કરી નાશી ગયા હતા.જે ગુન્હાની ગંભીરતાના ધ્યાને લઇ ગુન્હાની સચોટ તપાસ કરવા સારૂ જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલૂએ એક એસ.આઈ.ટી. ટીમની રચના કરેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન મુજબ આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા ચક્રો ગતીમાન કરાયા હતા. જે આરોપીઓ વિરૂધ્ધમા એસ.આઈ.ટી. ની ટીમના મુખ્ય તપાસ અધીકારી આર.ડી.ગોહીલ દ્વારા તપાસ હાથ ધરતા આ આરોપીઓની પેઢીઓની તપાસ કરતા બોગસ સ્ટેમ્પ તથા નોટરી કરાર તથા ડમી સીમ કાર્ડ તથા બોગસ પેઢીઓના નામે બોગસ બીલીંગ કરેલનું ખુલવા પામ્યું હતું. જેથી ઉપરોકત ત્રણેય ફરારી આરોપીઓને પકડી પાડવા એસ.ઓ.જી. શાખાના પી.આઈ. બી.એન.ચૌધરીની સુચનાથી એસ.ઓ.જી. ટીમ કાર્યરત હતી, અને ઉપરોક્ત ફરાર આરોપીઓને કચ્છ આડેસર ચેક પોસ્ટ ખાતેથી એસ.ઓ.જી.ની ટીમ દ્વારા પકડી પાડી આરોપીઓ પાસેથી કુલ રૂપીયા ૧૫,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી કરવા આરોપીઓ તથા મુદ્દામાલ જામનગર સીટી સી ડીવી. પોલીસ મથક ખાતે સોંપી દેવાયા છે.

## ગાંધીનગર સિવિલમાં ૨૦૦થી વધુ યાત્રીઓને મફત રસી અપાઈ



ગુજરાત રાજ્યના હજ યાત્રીઓ માટે આગામી ૨ મેથી અમદાવાદ એરપોર્ટથી ફ્લાઈટ્સ શરૂ થવાની છે. આ પહેલાં યાત્રીઓના વેક્સિનેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પીપી યુનિટમાં હજ યાત્રીઓ માટે ખાસ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં ૨૦૦થી વધુ યાત્રીઓને રસી આપવામાં આવી છે.

સિવિલના ડૉ. હર્ષલ પરીખના જણાવ્યા અનુસાર, યાત્રીઓને ત્રણ અલગ-અલગ પ્રકારની રસી આપવામાં આવે છે. એક વ્યક્તિ દીઠ રસીકરણનો અંદાજિત ખર્ચ રૂ. ૩,૯૦૦ થાય છે. આ સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે. હજ યાત્રા માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. યાત્રીઓના સલામત પ્રવાસ માટે વેક્સિનેશન ઉપરાંત અન્ય જરૂરી વ્યવસ્થાઓ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

## વાવોલમાં ઢોર પકડ પાર્ટી પર હુમલોઃ ગાય છોડાવવા આવેલા ૮ શખ્સોએ કર્મચારીઓને લાકડીઓથી માર્યા, બે ઘાયલ

ગાંધીનગર મહાનગરપાલિકાની ઢોર પકડ પાર્ટી પર વાવોલમાં હુમલો થયો છે. બે કર્મચારીઓને ઈજાઓ પહોંચી છે. સેક્ટર-૭ પોલીસે આઠ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર મહેન્દ્રસિંહ પરમાર પોતાની ટીમ અને એસઆરપી જવાનો સાથે શહેરમાં રખડતા ઢોર પકડવાની કામગીરી કરી રહ્યા હતા. ઉપરી અધિકારી પાર્થ ચૌધરીએ વાવોલ ગામ અને યુવા ચોકમાં ગાયો




ફરતી હોવાની ફરિયાદની જાણ કરી હતી.ટીમ ટ્રેક્ટર અને બે વાહનો સાથે વાવોલ ગામના સ્માર્ટ બજાર પાસે પહોંચી હતી. રસ્તા પર ઊભેલી એક ગાયને પકડી લીધી હતી. આ સમયે ગોપાલ રબારી, મોતી, જીગો, સંજય, ભરત, વિષ્ણુ, લાભુ અને વિશાલ ઉર્ફે ટેણી લાકડીઓ સાથે ત્યાં આવી પહોંચ્યા હતા.આરોપીઓએ ગાય છોડાવવા માટે ઝપાઝપી કરી હતી. ગોપાલ રબારીએ ઢોર પાર્ટીના કર્મચારીઓ આકાશ ઠાકોર અને કિશન ઠાકોર પર લાકડીઓથી હુમલો કર્યો હતો. આરોપીઓએ ગાય છોડાવીને જતા જતા ધમકી આપી હતી કે જો ફરીથી વાવોલ ગામમાં આવશો તો જાનથી મારી નાખીશું. પોલીસે તપાસ શરૂ કરી છે.

# પાકિસ્તાની સાંસદ-સ્ટાફના જૂતા ચોરી પાછળ કોનો હાથ કે પગ હશે?

‘ સલામ વાલેકુમ નસરત આપા.’ એક મુસ્લિમ ખાતૂને સબ્જી મંડીમાં બીજી મહિલાનું અભિવાદન કર્યુ. મુસ્લિમ મહિલા કિલ્લાની જેમ કાળા વસ્ત્રોથી ઢંકાયેલી હતી. હિજાબમાંથી નેણનકશાના દિદાર થાય..આંખો પાણીદાર હતી. તેનું નામ મરિયમ હતું.

‘ વાલેકુમ સલામ મરિયમબાનુ’ બીજી બેગમે કહ્યું .એ પણ નખશીખ કપડાંના કિલ્લામાં કેદ.એનું નામ નસરત હતું

‘ હાય, રબ્બા.સા અલ્લાહ, ગજબ હો ગયા’ મરિયમ બોલી.

‘ હમારા મુલ્કમાં ગજબ થવું એ આમ વાત છે’નસરત કહ્યું.

‘ કંઇ મનહૂસ ઘડીએ પાકિસ્તાનનો જન્મ થયો છે તેની ખબર પડતી નથી.’ મરિયમ મરસિયું ગાતી હોય તેમ બોલી.

‘ હા, બેગમ, કાયમ અંજપો હોય છે. કાયમ અશાંતિ હોય છે. બદહાલી અને બેબસી મુલ્કનો પીછો છોડતી નથી. ડાયન આવામને ખાયે જાત હૈ.’ નસરતે પણ નકારાત્મક રાગ આલાપ્યો.

‘ ક્યારે અમનચમન કે સુકુન મળશે એ અલ્લાહ જાણે?’ મરિયમ આકાશ તરફ જોઇ પૂછયું. માનો ઈન્શાઅલ્લાહને પૂછતી ન હોય.

‘ મરિયમ બાનુ, ખુદા કા વાસ્તા. આપણો મુલ્ક પણ ચિનાબ-ઝેલમના પાણીથી પાવરફૂલ છે. હમારા મુલ્ક હેપીડેકસ ઈન્ડેકસમે અવ્વલ હૈ!’ નસરતે દિલાસો દેતા કહ્યું.

‘ ખાક હેપી હૈ. આંટા લેને કી લાઇનમે હમારે લોગો ભાગદૌડમે અલ્લાહમિંયા કો પ્યારે હો જાતે હૈ. બોમ્બ ગિરનેસે લોગ કીડી મંકોડો કી તરહ રેંગતે રેંગતે મરતે હૈ. બારિશ, પુર, ધરતીકંપ, અકાલસે દમ તોડ દેતે હૈ!’ મરિયમ ગુસ્સે થઇ બોલી.

‘ આપણે દૂધ પાઈને આતંકીને ઉછેરીએ છીએ. આતંકી આપણને મારી નાંખવા આપણી રજામંદીની રાહ જોતા નથી.મેરે બિલ્લી મુજે મ્યાંઉની જેમ સરહદે તાલિબાન આપણા સૈન્યની કત્લેઆમ કરે છે.’ નસરતે પણ વહેતી ઝેલમમાં હાથ ધોઇ નાંખ્યા

‘ બેગમ. અવામ દુખી છે. હાકેમ જલસા કરે છે. તમામ ગોરખધંધા કરે છે. મિલિટરીવાલે પોલીસ કો પીટતે હૈ. આર્મીવાલો કે તાલિબાન ઠોક દેતે હૈ. હાય રબ્બા ચીન હમારી જમીન નિગલ રહા હૈ. હમ સે તો પ ભારતના લોકોને સારું છે. એમના પયગમ્બર કૃષ્ણે તો આતતાયીનો નાશ કરવા મોદીની નહીં માધવની ગેરેંટી આપી છે. મોદીની ગેરંટી તો ફેઇલ જાય. માધવની ગેરંટી પથ્થર કી લકીર હૈ. હમારે અલિલાહને કોઇ ગેરંટી ભી નહીં દી. જાયે તો કહાં જાયે ?’મરિયમે દુપટ્ટાથી આંખ લૂંછતા કહ્યું.

‘ આપણા પાકિસ્તાનમાં ચીજોના ભાવ આસમાનને પહોંચ્યા છે. કોઇ ચીજ સસ્તી નથી. ટમેટા, લોટ, મટન , ચિકન, દૂધ, પેટ્રોલ ,ડિઝલ,ડોલર મહંગાઈની લપેટોમાં બળે છે.હાકેમ ઘર ભરવા સિવાય કશું કરતા નથી!’ નસરત બોલી.

‘અપને પાકિસ્તાનની બદહાલી દિવસે દિવસે રાજકુમારીની જેમ વધતી જાય છે. દિન દહાડે હત્યા, ચોરી, લૂંટફાટ , બળાત્કાર વધતા જાય છે. દારૂ, ડ્રગ્ઝ, ફિરૌતી, માનવ તસ્કરી આમ બનતા જાય છે. છોકરીઓને ઓનર કિલિંગના નામે પતાવી દેવામાં આવે છે. કાયદો વ્યવસ્થા ક્યાંક ઘોરે છે!’ મરિયમે સાંપ્રત સ્થિતિનો ચિતાર આપ્યો.

‘ બેગમ, આપણા દેશમાં ટ્રેઝેડી છે એવું નથી. આપણા મંત્રીઓ કોમેડી શો પણ ચલાવે છે. એક મંત્રીએ ખોરાક બચાવવા સો કોળિયા જેટલી ભૂખ હોય તો બે કોળિયા કે રોટી ઓછી ખાઇ દેશની ઈકોનોમી મજબૂત કરવા તકલાદી હાકલ કરેલ.’ નસરતે મો પર દુપટ્ટો હાથ વડે મુકી હાસ્ય રોકવાની કોશિશ કરી.મંત્રી લંચમા ચાર ચિકન ઝાપટીને સુફિયાણી હાકલ કરે છે.

‘ એક મંત્રીએ ચાની આયાત પાછળ ખર્ચ કરાતુ વિદેશી હૂંડિયામણ બચાવવા દિવસમાં એક કપ ચા ઓછી પીવા પંદરમ ચાનો કપ પીતા પીતા અનુરોધ કરેલ! આવક વધારવાને બદલે ખર્ચ ઘટાડવાના કિમીયાથી ઈકોનોમી દુરસ્ત થોડી થાય?’ મરિયમે પોલ ખોલ કાર્યક્રમ કર્યો.

‘ આપણા વઝીરેઆઝમ કટોરો લઈને આરબ અમીરાત, અમેરિકા , વર્લ્ડ બેંક આઈએમએફ ફરે છે. પરંતુ કટોરામાં છલોછલ હવા ભરી પરત ફરે છે. બળતણના પૈસા ન હોવાથી ફલાઇટો ગ્રાઉન્ડ થાય છે. અંધારે ડિનર કરવું પડે છે.’ નસરતે હાલત બ્યાન કરી.

‘ પાકિસ્તાનના ભિખારીઓને દેશમાં ભીખ મળવાની આશા ન હોવાથી વિદેશમાં ભીખ માંગવા જતા દુબઇ એરપોર્ટથી લીલા તોરણે પાછા ફર્યા.’ મરિયમે બ્લેક હ્યુમર કહ્યો!

‘ નસરત બેગમ હમણા ફેફસાફાડ કોમેડી થઇ.’ મરિયમે કહ્યું.

‘ તમને તમારા ખાવિંદે તલાક આપી દીધા?’ નસરતે મરિયમની ખિંચાઇ કરી.

‘ અરે, વો દિન કહાં કે બેગમ કે પાંવમે સેન્ડલ?’ મરિયમે અફસોસ જાહિર કર્યો. પાકિસ્તાનમાં કલાકની આઝાદી કયાં આસાન છે?

‘ નહી, નહીં, બેગમ . ચોર કે ઘર ચોર પરોણા એટલે મહેમાન થયા.’ નસરતે આંખ મિંચકારીને કહ્યું.

‘ ખાલી, પહેલિયા મત બુઝાવો. જે કહેવું હોય તે સાફ સાફ કહો. જલેબી ન બનાવો!’ મરિયમે મૂંઝાઈને કહ્યું.

‘ હમારે નેતાલોગ બડે ચોરચકકે હૈ. આવામને લૂંટી લૂંટીને બડી બડી એક સે જ્યાદા આલીશાન કોઠીઓ બનાવી છે. વિદેશી બેંકેમા રિશ્વતની રકમ જમા કરાવે છે. આપણા લીડરલોગ ચીનના શાહુકાર છે.’ નસરતે નેતાલોગની બ્લેક સાઇડ છતી કરી.

‘ તમે કહેવા શું માંગો છો?’ મરિયમે માથું ખંજવાળતા કહ્યું.

‘ હમણા આપણા સંસદ પરિસરમાં એક મસ્જિદ છે. ત્યાં સાંસદો અને સ્ટાફ નમાજ પઢવા થયા.નમાજ પઢીને પરત આવ્યા તો તેમના પગ નીચેથી જમીન સરકી ગઇ. તમામ સાંસદ અને સ્ટાફના જૂતા કોઇ મોરલો કળા કરીને તફડાવી ગયેલ. લા હૌલ વિલા કુવ્વત.જો કે તેમાં જેન્ટસ ચપ્પલ કેટલી હતી? લેડીઝ ચપ્પલ કેટલી હતી? નવી કેટલી હતી? પુરાણી કેટલી હતી? મંત્રી કે વઝીરેઆઝમની ચપ્પલ હતી કે કેન?મસ્જિદ બહાર ‘ જૂતા અને જફા અહીં ઉતારો ‘એવું હિન્દુ મંદિરોની જેમ લખેલ હતું કે કેમ તે સવાલો અનુતર છે.’ નસરત બોલી.

‘ આવામ ઉઘાડા પગે જુલસતી ધૂપમાં જિંદગી બસર કરે છે . હવે,એની તકલીફ સાંસદોને ખબર પડી હશે કે કેમ ? સાંસદોએ જૂતા પહેર્યા વગર સંસદ ગયા કે ઘરે ગયા તેની પણ માલૂમાત નથી. સાંસદોએ મસ્જિદનું બહાર પડેલા બીજાના જૂતા પહેરી ચાલતી પકડી કે સાંસદોએ પીએને ફોન કરી મફતમાં નવાનકોર ચમચમતા જૂતા પહેરીને સંસદ ગયા કે કેમ તે પણ વિગતો જણાવવમાં આવેલ નથી.’ મરિયમ ડિટેકટિવની જેમ બોલી ગઇ.

આ ઘટનાને વલોવીએ તો હાસ્યનું માખણ નીકળે તેમ છે. સંસદમાં ઝેડ કેટેગરીની સુરક્ષા હોય છે. ફિલ્મોની ભાષામાં કહીએ તો સંસદમાં પરિન્દા પર માર નહીં શકતા ઐસી ટાઈટ સિકયોરિટી હોય છે. તેમ છતાં, કયા દરિન્દાઓ હાથની સફાઇ કરી ગયા? આઈબીને ચોરીની ઈનપુટ મળેલ કે નહીં? સાંસદોના ચપ્પલ ચોરીને સરકારનું નાક નહીં પણ પગ કાપ્યા કહેવાય કે નહીં? ચપ્પલ ચોરી પાછળ તાલીબાન કે લશ્કરે તોયબાનો દોરીસંચાર નહીં પણ ચપ્પલસંચાર એવું અમારા તકવાદી અને તકલાદી રાજુ રદીને લાગે છે. ભારતમાં દરેક સમસ્યાના તાર જવાહરલાલ નહેરું સાથે હાલની સરકાર જોડવાની ઐતિહાસિક કોશિશ કરે છે. કેમ કે કોશિશ કરનારની હાર નહી્ પણ કરારી હાર થાય છે!પાક સરકાર નહેરૂ પર દોષનો ટોપલો ઢોળી શકે છે!ભારત દેશની જૂની સંસદના દ્વારે આતંકવાદી હુમલો થયેલો, પરંતુ , ચપ્પલચોરીની વારદાત બનેલી નથી એનું નિશંકપણે ગૌરવ લઇ શકાય!.

ડાકણ એક ઘર છોડે તેમ કહેવાય છે.નાના ચોરોએ મોટા ચોરોનું ઘર આઇ મિન ચપ્પલો કેમ ન છોડ્યા એ કટપ્પાએ બાહુબલીને શું કામ માર્યો તેના કરતા પણ મોટો સવાલ છે!

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ઼ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No-106**
વિષય-કહેવાય નહિ
શીર્ષક-"અશક્ય"
પ્રકાર-પદ્ય. શબ્દ-૧૧૧

અશક્યને શક્ય કોઈ દિ' કહેવાય નહિ!
કયારે આવશે મોત?કહેવાય નહિ!
કાણાને કાણો,તમે ચોર!
કહેવાય નહિ.
ઉતારો,અસ્તેયના આચાર!
દુઃખે છે; પેટ ને કૂટે છે માથું ! કહેવાય નહિ!
"ખાવા નો'તી ખાંડ;
શીદ તેડી'તી જાન?"
ખાખરાની ખિસકોલીને
દ્રાક્ષ ખાટી? કહેવાય નહિ!
ખાંડ ખાઉં છું,છે મધુમેહ કહેવાય નહિ!
ગાજ્યા મેહ વરસે નહિ!
ઘણ્યા ઘણાય નહિ;
વીણ્યા વીણાય નહિ;
તોય મારી છાબડીમાં છે !
એવું કહેવાય નહિ!
ઘરમાં ધર્બ્યું સોનું;
રૂમમાં ગંધાણું કોણ?
દિલમાં લાગ્યા છે દાગ! કહેવાય નહિ!
દુઃખી છું કે સુખી ;
તમને કોસવાથી કહેવાય નહિ!
મને ચિંતા ઘણી તમારી;
એટલે,આ આયખું ઓસિયાળું ;
કહેવાય નહિ!
રામ રાખે તેમ રહીએ;
કાલે શું થાય?
મારી પાસે મિલ્કત કેટલી?
કહેવાય નહિ
ઉઘાડી આંખે, સપનું?
બંધ મુઠ્ઠી લાખની,કહેવાય નહિ!
મુક્તિદા કુમાર "મનચલી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -353**
વિષય - કહેવાય નહી
શીર્ષક - વાત કોઈને કહેવાય નહીં.
પ્રકાર - પદ્ય શબ્દો -૧૧૯

ભીતર ઘા ના ઘા પડે હવે સહેવાય નહીં.
કોણ સમજે ભોળા ને વેદનાં કહેવાય નહીં.

મલમ કાજ માનવી મથતો પ્રેમ ને સ્નેહના,
પૈસો મોટો પરમેશ્વર થયો પ્રેમ સમજાય નહીં.

સમજણ ક્યાં હવે સુખ સગવડો પાછળ દોડ,
સંબંધો બન્યા ગૌણ હૈયાની હળવાશ કહેવાય નહીં.

માનવી સમજ્યો નહીં માનવને ભેદ પાડ્યા જાતના,
માનવતા મરી પરવારી એની વાત હવે કહેવાય નહીં.

હોય ધન વૈભવ ને મિલકત ઘણી જગતને કહેવાય નહીં.
આપ્યું એ કિરતારે એનું સમજી ચાલ તો ભોગવાય અહીં.

સમય વહી જાય છે જાણે આંખના પલકારા ની જેમ પલમાં,
"એકાંત"સંગ હોય એમ રહીએ બધી વાત કોઈને કહેવાય નહીં.
લિ -સોલંકી પ્રકાશકુમાર મનુભાઈ "એકાંત""વૈરાગી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS No. 181**
વિષય "કહેવાય નહીં"
શીર્ષક: "એ કહેવાય નહીં"
પ્રકાર: પદ્ય શબ્દો: ૧૧૩

કેટલીક લાગણી વ્યક્ત કરવી અઘરી છે
સમજી શકે તો ઠીક છે,પણ કહેવાય નહીં ...વાત વાતમાં વાદ વિવાદ થઈ જાય છે,
વાતનું વતેસર થઈ જાય,તો પોસાય નહીં...
તમારું નસીબ કેટલું સારું હોય શકે છે,
પણ નસીબના આધારે બેસી રહેવાય નહીં...
કાં'ક તો ઓછું વધતું દરેક ને હોય જ છે
કોઈ સહી લે,? કોઈનાથી સહેવાય નહીં
જંગ જીતી લેવી બહુ જ સહેલી છે,
કોઈનું મન એમ કાંઈ જીતી શકાય નહીં...
ધર્મ,જાતિ, ભાષા સહુના જુદા જુદા છે,
પણ એમ માણસાઈ ભૂલી જવાય નહીં...
કૌસુમી,જીવન જીવવાનું કારણ ઘણું અઘરું છે,
એમાં હારી જઈએ તોય મરી જવાય નહીં...

જે વાચકને ગમે એવું લખાણ તો મળી રહે છે
પણ લેખક? બનવા કેટલુંક સંભાળવું પડે "એ કહેવાય નહીં "
સુરમી બધેકા કૌસુમી ?? મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : '' કહેવાય નહીં "
શીર્ષક : " કોણ આગ ચાંપશે? કહેવાય નહીં "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૭૩.

સંબંધોમાં કોણ આગ ચાંપશે? કહેવાય નહીં,
અહીં કોણ કોને દગો આપશે? કહેવાય નહીં.

શું જિંદગીમાં ના ધાર્યુ હોય એવું થયા કરશે?
શું આપણા આપણાથી નારાજ રહ્યા કરશે?

આપણા આપણને જ માપશે? કહેવાય નહીં?
સંબંધોમાં કોણ આગ ચાંપશે? કહેવાય નહીં?

મીઠી મીઠી વાતો કરી ભરમાવશે ભેગા ભળી,
કોઈ નથી એવું સાચી વાત કહે કાન આમળી,

અધવચ્ચે શું જીવન હાફશે? કહેવાય નહીં,
સંબંધોમાં કોણ આગ ચાંપશે? કહેવાય નહીં.

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No.354**
વિષયઃ– કહેવાય નહીં
શીર્ષકઃ– કંઈ કહેવાય નહીં
પ્રકારઃ– પદ્ય (શબ્દ સંખ્યાઃ– ૯૭)

---

હસતાં હસતાં રડી પડે
ને રડતાં રડતાં હસી પડે
કંઈ કહેવાય નહીં...

રાજગાદી પર બેસનારો વનવાસ ભોગવે ને
જેલમાં જનમનારો દ્વારિકેશ બને
કંઈ કહેવાય નહીં...

સારો સમજી જેને પામવા આતુર બનો
એ સારો જ શેતાન નીકળે ને
શેતાનમાં પણ કંઈક શરાફત જડે
કંઈ કહેવાય નહીં...

લાગી હો તરસ ને જળ શોધતાં ફરો
દેખાય જે જળ, ત્યાં પહોચતાં ઝાંઝવા મળે
કંઈ કહેવાય નહીં...

નિરાંતે સ્વજન સાથે હરવા ફરવા જઈએ,
મોજમજા ને ગમ્મત મહીં ઓચિંતા ગોળી મળે
કંઈ કહેવાય નહીં...

ક્યાંક નસીબની બલિહારી તો ક્યાંક વિધિની વક્રતા
અપંગ એવરેસ્ટ સર કરે ને સક્ષમ ફક્ત ટીકા કરે
કંઈ કહેવાય નહીં...

---

રેશ્મા પટેલ "રેશમ"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : કહેવાય નહીં
શીર્ષક : કોઈને કહેવાય નહીં
પ્રકાર : પદ્ય, શબ્દ : ૯૪

કાલે સવારે શું? બનશે એ કહેવાય નહીં.
એટલેજ જીવવું વર્તમાનમાં ભલે સહેવાય નહીં.

નાનકડા બાળકને પણ અમસ્તુય કઈ કહેવાય નહીં,
ટેકનોલોજીના એના જ્ઞાન સામે આપણાથી પડાય નહી.

ટકોર કે સૂચન આજે ક્યાં ગમે?એટલે કોઈને કહેવાય નહીં,
ચૂપચાપ જોવો તમાશો એમનો, ભૂલથીએ કંઈ બોલાય નહીં.

આપણી પીડા કે વ્યથાની સંવેદના કોઈને કહેવાય નહીં,
બનતી હોય છે અન્ય માટે એ કથા,એટલે જ કોઈને એ જણાવાય નહીં.

સમય છે ક્યાં? આજની ભાગતી જિંદગીમાં, એટલે... જ રૂબરૂ મળવાનું કોઈને કહેવાય નહીં,
માનવું છે 'ખ્યાતિ'નું કે મગ્ન બની પોતાની પ્રવૃત્તિમાં જીવવું, ફરિયાદનું પોટલું સૌ પાસે ખોલાય નહીં.
ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 383**
વિષયઃ કહેવાય નહીં.
શીર્ષકઃમૌન લાગણીઓ...
પ્રકારઃપદ્ય(અછાંદસ) શબ્દોઃ૫૫

ભીતરમાં ગુંગળાતી લાગણીઓ!
નહીં કહેવાતી મૌન લાગણીઓ...

નયન કહે, "છલકાવું તને?"
પણ, પાંપણે કેદ લાગણીઓ....

હૃદય સ્પંદને સ્પંદન કરતી,
સ્મૃતિમાં સરકતી લાગણીઓ..

કાગળ કહે, "એક વાર લખે!"
આ કલમ સમાવે લાગણીઓ...

શ્વાસે શ્વાસે સ્મરણો લખે;
હા, સ્પંદને વહેતી લાગણીઓ...

વ્યથા બોલે, "જવાબદારી માથે!"
પછી, ફરજ નિભાવે લાગણીઓ...

દર્પણ બોલે, કોને શોધે?
નહીં મળે અલખી લાગણીઓ...
દર્શના "મીતિ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG* *SS* *No.* *0185.***
વિષયઃ- કહેવાય નહીં.
શીર્ષકઃ- પ્રેમથી વિરક્તિ.
પ્રકારઃ- કાવ્ય, શબ્દ સંખ્યાઃ- ૧૦૯.

'આપ ભલા તો જગ ભલા' સમજીને વર્ત્યા અમે,
માણસ સોનામાંથી પિત્તળ બની રૂપ બદલે ત્યારે,
સંબંધો બાંધીને લાગણીઓ ગીરવે મૂકાણી ત્યારે,
સ્વાર્થની લોલુપતાએ ભરડો લીધો અમારો જ્યારે,
નેપમાણસ રંગ બદલે તો? કંઈ કહેવાય નહીં.

સત્યને સત્ય માનીને મનથી હરખાઈને વર્ત્યા અમે,
જૂઠોના અનુભવે મૌન રહી ઉદાસીએ રહેતાં અમે,
ઉંમર સરીતા બની ને પાનખરો વળગી જીવન પંથે,
અશ્રુ ખરી જાય ને લુછનારુ અહીંયાં કોઈ ના મળે,
નેપસંજોગ બદલાય તો? કંઈ કહેવાય નહીં.

પ્રેમ બંધનોમાં બંધાઈ સ્વપ્નો જીવનમાં રચ્યાં અમે,
ઘાયલ થઈ વેદનાઓ સળગી ગિરવે મારી મુકાણી,
હું ના મારો રહ્યો ના તારો ને ત્રિભેટે હોળી રચાણી,
'ઝરૂખો'બોલે વિશ્વાસ દમ તોડે છે જીવનમાં અહીં,
નેપપ્રેમથી વિરક્તિ થાય તો? કંઈ કહેવાય નહીં.
દિલીપ. સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No 351**
વિષયઃ કહેવાય નહીં
શીર્ષકઃકહેવાય નહીં..
પ્રકારઃ પદ્ય શબ્દઃ૭૩
મને ગમશે તે તને ગમશે એ કહેવાય નહીં,
તારી અને મારી વાત હતી તે સહેવાય નહીં.

અવિરત લાગણીઓ ક્યારે ફળશે કહેવાય નહીં,
રોજ રોજ વિરહ મળે એ સહેવાય નહીં.

ધબકતું હૈયુ ક્યારે રડાવશે કહેવાય નહીં,
પાંપણ ના પલકારે અશ્રુ સેહવાય નહીં.

પાસે રહીને દૂર રહેશો કહેવાય નહીં,
કોણ સમજે રુદિયાના ઘા જે સહેવાય નહીં.

સ્નેહના સ્પંદન ક્યારે ખીલશે કહેવાય નહીં,
ફોરમિયો ફાગણ તારા વિના વસંત સહેવાય
આભાર - નિહારીકા રવિયા નહીં.
જયશ્રી વાઘેલા ( મુંબઈ)

# AMTSને લગતી ફરિયાદ હવે આંગળીને ટેરવે થશે:બે વ્હોટસએપ નંબર જાહેર કરાયા; નાગરિકો ફરિયાદનો ફોટો-વીડિયો પણ મોકલી શકશે



જો તમે શહેરમાં દોડતી અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS) બસમાં મુસાફરી કરો છો અને કોઈપણ ફરિયાદ છે, તો હવે આંગળીના ટેરવે તમે ફરિયાદ કરી શકો છો. મુસાફરો ફરિયાદ કરી શકે તેના માટે અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા એએમટીએસને લગતી કોઈપણ ફરિયાદ હવે વ્હોટસએપ કરી નોંધાવી શકો છો. ૮૫૧૧૧૭૧૯૪૧ અને ૮૫૧૧૧૬૫૧૭૯ બે વોટસએપ નંબર જાહેર કરવામાં આવ્યા છે. બંને નંબર ઉપર કોઈપણ મુસાફર ફોટા અને વીડિયો મોકલીને ફરિયાદ નોંધાવી શકે છે.

AMTS બસને લગતી કોઈ ફરિયાદ જેમ કે, ડ્રાઈવર દ્વારા ઓવર સ્પીડમાં બસ ચલાવવી, સ્ટેન્ડ પર બસ ઉભી રાખવી નહી, મુસાફરો સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન, ગંદકી, અવસ્થા તેમજ અન્ય કોઈ ખામી અંગેની ફરિયાદ કરી શકે છે. તંત્ર દ્વારા મુસાફરોની ફરિયાદના આધારે તપાસ કરી જે તે જવાબદાર વ્યક્તિ અથવા કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. અંદાજે એક લાખથી વધારે મુસાફરો દરરોજ AMTS બસમાં મુસાફરી કરતા હોય છે. ત્યારે મુસાફરોને સારી સુવિધા અને પરિવહન સેવાને વધુ સારી બનાવવા તેમજ સુરક્ષિત મુસાફરી કરવા મળે તેના માટે આ ફરિયાદ નંબર જાહેર કરવામાં આવ્યો છે.AMTS કમિટીના ચેરમેન ધરમસિંહ દેસાઈએ જણાવ્યું હતું કે, બસમાં મુસાફરી કરનારા મુસાફરોને વધારે સારી સુવિધા મળી રહે અને પરિવહન સેવાને વધુ સારી બનાવવા માટે બે વોટસએપ નંબર જાહેર કરવામાં આવ્યા છે. અત્યાર સુધી ટેલિફોનિક ફરિયાદ કરી શકતા હતા, જે ફરિયાદ નોંધવામાં આવતી હતી અને ત્યારબાદ તેમાં કાર્યવાહી થતી હતી. પરંતુ હવે મુસાફરો સ્થળ ઉપરથી જ ફોટા અને વીડિયો મોકલીને ફરિયાદ નોંધાવી શકે છે. ડ્રાઈવર વધુ સ્પીડમાં ગાડી ચલાવ્યા અથવા કોઈ ખોટું થઈ રહ્યું છે તો તરત જ ફોટો અને વીડિયો ઉતારીને વ્હોટ્સએપ પર મોકલી આપશે. જે ફરિયાદ અંગે તપાસ કરી કાર્યવાહી થશે.

મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ લગતી કોઈપણ ફરિયાદ માટે ટોલ ફ્રી નંબર જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ આ ફરિયાદ ફોન ઉપર કરે છે અને તે બાબતે બીજા દિવસે તપાસ થતી હોય છે. જેમ કે, કોઈ મુસાફરે ફરિયાદ કરી હોય જેમાં બસ ડ્રાઈવર પોતાની બસ સ્ટેન્ડ પર ઉભી નથી રાખતો અથવા તો આગળ જઈને ઉભી રાખે છે તો બીજા દિવસે તંત્રના અધિકારીઓ દ્વારા આ મામલે તપાસ કરતા હોય છે કે બસ ડ્રાઈવર ઉભી રાખે છે કે નહી? પરંતુ વ્હોટસએપ ઉપરના વીડિયોના આધારે તરત જ તપાસ કરી અને કાર્યવાહી કરી શકાય છે.

# પાટણમાં ગરમીનો પારો ૪૧ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા



પાટણ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આજે શનિવારે પણ આ સ્થિતિ જળવાઈ રહેશે. બપોરે ૧૨ વાગ્યે ૩૯ ડિગ્રી, ૧ વાગ્યે ૪૦ ડિગ્રી અને બપોરે ૨થી ૪ વાગ્યા દરમિયાન ૪૧ ડિગ્રી સુધી તાપમાન પહોંચી શકે છે. જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. શહેરીજનોને દિવસ દરમિયાન ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે.હવામાન વિભાગે નાગરિકોને હીટવેવથી બચવા માટે સાવચેતીના પગલાં લેવા સૂચના આપી છે. તરસ ન લાગે તો પણ નિયમિત પાણી પીવાની સલાહ છે. ORS, છાસ, લસ્સી અને લીંબુ પાણીનો ઉપયોગ કરવો હિતાવહ છે. નારિયેળ પાણી પણ ફાયદાકારક છે.બહાર નીકળતી વખતે માથું ઢાંકવું અને હળવા સુતરાઉ કપડાં પહેરવા જરૂરી છે. બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું જોઈએ. ચા-કોફી અને સોફ્ટ ડ્રિંક્સનો ઉપયોગ મર્યાદિત કરવો જોઈએ. મસાલેદાર અને તળેલા ખોરાકથી દૂર રહેવાની સલાહ છે. બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓની વિશેષ કાળજી રાખવી આવશ્યક છે. લૂ લાગવાના લક્ષણો જણાય તો તુરંત નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જરૂરી છે.

# પાલનપુર શહેર કોંગ્રેસ સમિતિની મિટિંગ બનાસકાંઠા કોંગ્રેસ સમિતિના કાર્યાલય ખાતે મળી



ઓલ ઇન્ડિયા કોંગ્રેસ સમિતિના મહામંત્રી લોકસભા માં વિરોધ પક્ષ ના નેતા રાહુલ ગાંધી દ્વારા ગુજરાત કોંગ્રેસ ને નવિ ઉર્જા આપવા માટે જીલ્લા કોંગ્રેસ કક્ષાએ થી નવિન સહરચના ભાગ રૂપે નવિન પ્રભારી જીલ્લા ના દરેક તાલુકા તેમજ શહેર માં નિમણૂક આપવામાં આવેલ જે ના ભાગ રૂપે પાલનપુર મુકામે કોંગ્રેસ કાર્યાલય ખાતે પાલનપુર શહેર કોંગ્રેસ સમિતિ ની મિટિંગ આજ રોજ પાલનપુર ના નવિન પ્રભારી જગદીશચંદ્ર શંકરલાલ મોદી ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવેલ રાહુલજી એ ગુજરાત કોંગ્રેસ દેશ અને દુનિયા ને નવિ ઉર્જા માટે કોંગ્રેસ કાર્યકરો ની મહેનત ને જરૂર સત્તાના સ્થાન સુધી પહોંચવા ની પ્રેરણા સાથે દરેક બુથ સુધી કાર્યકરો કાર્ય માં લાગી જાય તે ની જાણકારી આપવામાં આવેલ કોંગ્રેસ દ્વારા બુથ મજબૂતી માં દરેક કાર્યકરો એ ઉમળકો ભેર જોડાઇ ને ગુજરાત માંથી કોંગ્રેસ ની સરકાર બનાવવા માટે ની રાહુલજી એ સંસદમાં આપેલ વચન નું પાલન કરવા માટે તત્પર તા દાખવેલી આજની મિટિંગ માં પાલનપુર ના પ્રભારી જગદીશચંદ્ર શંકરલાલ મોદી, શહેર કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ ચંપકભાઈ પરમાર, કાર્યકારી પ્રમુખ વિશાલભાઇ જોષી, લક્ષ્મીબેન કરેણ,ડામરાજી રાજગોર,ગુલસનબેન, નયનાબેન પઢીયાર, મુકેશભાઇ ચોહાણ,દેવીલાલ જાગીર, મહેશભાઇ વૈધ,નગરપાલિકા ના સદસ્યો, શહેર કોંગ્રેસ ના આગેવાનો કોંગ્રેસ પાર્ટી ના કાર્યકરો ઉપસ્થિત રહેલ,

# ગુજરાતની જાણીતી કલા સંસ્થા તીહાઇ - ધ મ્યુઝિક પીપલ આજે ૪૦ વર્ષ પુર્ણ કરે છે

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈપટેલ,પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહિત કલા અને સાહિત્ય જગત, મીડીયા જગત અને રાજકીય જગતના અનેક લોકોએ શુભેચ્છાઓ પાઠવી.મુળ જુનાગઢના અને પછી અમદાવાદ સ્થાઇ થયેલા અભિલાષ ઘોડા દ્વારા વર્ષ ૧૯૮૫ માં કલા પ્રવૃત્તિઓ, ફીલ્મ અને ટેલિવિઝન શો નિર્માણ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને મીડીયા મેનેજમેન્ટ જેવી પ્રવૃત્તિઓ ને સાંકળી તીહાઇ- ધ મ્યુઝિક પીપલ નામથી એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા દ્વારા ગુજરાત સરકારના માહીતી વિભાગ માટે અનેક દસ્તાવેજી ફીલ્મો, દુરદર્શન અમદાવાદ માટે અનેક ટેલિવિઝન શ્રેણીઓ, ભારત સરકાર અને ગુજરાત સરકાર ના મોટા ગજાના સાંસ્કૃતિક કાર્યક્રમો, અનેક ગુજરાતી ફીલ્મો ના નિર્માણ, પ્રચાર - પ્રસાર, ફિલ્મ એક્સેલેન્સ એવોર્ડસ ગુજરાતી સહીત અનેક સફળ ઈવેન્ટ ના આયોજન અને મેનેજમેન્ટ કરવામાં આવ્યા.

જનસંપર્ક ની સુઝ ને કારણે અનેક પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયા હાઉસ સાથે તીહાઇ - ધ મ્યુઝિક પીપલ ના સ્થાપક અભિલાષ ઘોડા ગાઢ સંબંધો બનાવી શક્યા છે. પોતાની કલાકારો પ્રત્યેની લાગણી ને કારણે કોવિડ કાળ દરમ્યાન ગુજરાતના



જરૂરિયાતમંદ કલાકારોને અભિલાષ ઘોડા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી મદદને આજે પણ એ કલાકારો યાદ કરે છે.આજે પણ રાજ્ય સરકાર દ્વારા યોજાતા મોટા મોટા ફેસ્ટિવલ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માં અભિલાષ ઘોડાની તીહાઇ સંસ્થાના બહોળા અનુભવનો લાભ અનેક વખત લેવામાં આવે છે.

અભિલાષ ઘોડાની કલા વૃત્તિઓ ની નોંધ લઈને ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ત્રણ વર્ષથી અમદાવાદ શહેર સાંસ્કૃતિક સેલના કન્વીનર ની જવાબદારી અભિલાષ ઘોડાને સોંપી છે. તારીખ ૨૭ એપ્રીલ, ૨૦૨૫ ના રોજ, વર્ષ ૧૯૮૫ માં જેની સ્થાપના થઇ તેવી અભિલાષ ઘોડાની કલાસંસ્થા તીહાઇ - ધ મ્યુઝિક પીપલ ૪૦ વર્ષ પુર્ણ કરે છે તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સહીત કલાજગત, સાહિત્ય જગત અને મીડીયા જગતના અનેક દિગ્ગજો એ પત્ર અને વિડીયો સંદેશ દ્વારા અભિનંદન આપ્યા છે.

# આરોગ્યના ૩૦૦ કર્મચારીઓએ ૧૦૦૦૦ ઘરોનો સર્વે કર્યો

વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણીના ભાગરૂપે મનપાના ૩૦૦ આરોગ્ય કર્મચારીઓએ ૧૦૦૦૦ ઘરોનો સર્વે કરીને મેલેરીયાની બિમારી કેવી રીતે ફેલાય છે. મેલેરીયાની બિમારી મચ્છરથી ફેલાતી હોવાથી મચ્છરની ઉત્પત્તિ થાય નહી તેના માટે કેવા પ્રકારની તકેદારી રાખવી સહિતની જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત ઘરમાં કઇ કઇ વસ્તુઓમાં મેલેરીયા ઉત્પત્તિની શક્યતા રહેલી છે તેની પણ માહિતી આપીને લોકોને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

મનપાના આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી નિમિત્તે અવરનેશની કામગીરી કરવામાં આવી હતી. તેમાં આરોગ્યના ૩૦૦ કર્મચારીઓ દ્વારા મનપા વિસ્તારના ઝુંપડપટ્ટી, રહેણાંક, કોમર્શિયલ વિસ્તારોમાં ફરીને મેલેરીયાની બિમારી કેવી રીતે ફેલાય છે. મચ્છરથી ફેલાતી મેલેરીયાની બિમારીના નિયંત્રણ માટે મચ્છરની ઉત્પત્તિ કઇ કઇ જગ્યાએ થાય છે. મચ્છરની ઉત્પત્તિ થાય નહી તેના માટે કેવા પ્રકારની તકેદારી રાખવી જોઇએ તેની પણ જાણકારી નગરવાસીઓને આપવામાં આવી હતી. વધુમાં મેલેરીયા ઉત્પત્તિ થાય નહી જૈવિક નિયંત્રણના ભાગરૂપે ૧૦ તળાવોમાં પોરાભક્ષક ગપ્પી માછલીઓ મુકવામાં આવી હતી.

# ગાંધીનગરની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા કાશ્મીરી વિદ્યાર્થીઓની માહિતી મંગાઈ

કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ગુજરાતમાં સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. પોલીસે ગાંધીનગરની તમામ યુનિવર્સિટીઓને પત્ર મોકલ્યો છે. આ પત્રમાં જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓની વિગતવાર માહિતી માંગવામાં આવી છે. ગાંધીનગર રાજ્યનું મહત્વનું શૈક્ષણિક કેન્દ્ર છે. અહીં રાષ્ટ્રીય કક્ષાની અનેક યુનિવર્સિટીઓ આવેલી છે. ઉચ્ચ શિક્ષણ માટે અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં અહી



આવે છે.પોલીસે યુનિવર્સિટીઓ પાસેથી કાશ્મીરી વિદ્યાર્થીઓના મોબાઈલ નંબર અને સરનામાની વિગતો માંગી છે. વિદ્યાર્થીઓ કેટલા સમયથી અહી રહે છે તે માહિતી પણ માંગવામાં આવી છે. તેમના પરિવારની પૃષ્ઠભૂમિની વિગતો પણ એકત્રિત કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ માહિતી બે હેતુ માટે એકત્રિત કરવામાં આવી રહી છે. પ્રથમ, અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે. બીજું, જરૂર પડે તો આ વિદ્યાર્થીઓની મદદથી કાશ્મીરમાં સ્થિતિ સુધારવા માટે.

# શટલ રિક્ષામાં મુસાફરોને બેભાન કરી લૂંટી લેતી ગેંગનો વધતો આતંક

ગાંધીનગર જિલ્લામાં શટલ રિક્ષામાં મુસાફરોને બેભાન કરી લૂંટી લેતી ગેંગનો વધતો આતંક વધી રહ્યો છે. આવો વધુ એક બનાવ સામે આવ્યો છે. શટલ રિક્ષામાં બેઠેલી મહિલાને શેરડીનો રસ પીવડાવી બે યુવતી રોકડ-દાગીના લૂંટી ગઇ હતી અને મહિલાને શેરીસા નજીક રોડ પર ઉતારી રિક્ષાચાલક ગેંગ ફરાર થઇ ગઇ હતી. રૂ. ૧.૮૪ લાખની મત્તા ગુમાવનાર વાવોલની મહિલાએ સાંતેજ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ બનાવની વિગત એવી છે કે રમીલાબેન પરમાર (રહે-વાવોલ) તેમના પિયર પારસા ગામે જાતરમાં જવા માટે બપોરના સમયે ઘરેથી નિકળી ગાંધીનગર એસ.ટી ડેપો આવ્યા હતાં. ત્યાં રિક્ષાસ્ટેન્ડ પર ઉભા હતા ત્યારે તેમની પાસે આવેલા રિક્ષા ચાલકે ગોઝારિયા જતો હોવાની બુમ પાડી હતી. જેથી રમીલાબેન તે રિક્ષામાં બેઠા ત્યારે અગાઉથી રિક્ષામાં બે યુવતીઓ વેઠેલી હતી. રિક્ષા ગોઝારિયા તરફ જઇ રહી હતી તે વખતે આશરે ચાર વાગ્યાના સુમારે રાંધેજા ચોકડી આવતા રિક્ષા ઉભી રખાવી એક યુવતી શેરડીના રસના ચાર ગ્લાસ લાવી હતી અને એક ગ્લાસ રમીલાબેનને આપતા તેઓ શેરડીનો રસ પી ગયા હતાં. તે પછી શુ તેમની સાથે શુ થયુ તેની તેમને કંઇ ખબર નથી. રમીલાબેન ભાનમાં આવ્યા ત્યારે તેઓ શેરીસા નજીક સબાસપુર જવાના રોડ પર પડ્યા હતા તે વખતે રાત્રીના દશ વાગ્યા હતા.

# ગાંધીનગર શહીદ ફાયરમેનના પરિવારને મળી મોટી સહાય:કોર્પોરેશન તરફથી ૧૦ લાખ, મેયર સહિત અન્ય પદાધિકારીઓએ કુલ ૨૫ લાખથી વધુની મદદ



ગાંધીનગરના સેક્ટર ૪માં સિલિન્ડર બ્લાસ્ટ દરમિયાન ફરજ બજાવતા શહીદ થયેલા ફાયરમેન રણજીતજી કાન્તીજી ઠાકોરના પરિવારને મહાનગરપાલિકા તરફથી મોટી આર્થિક સહાય મળી છે. મહાનગરપાલિકાએ ૧૦ લાખની સહાય જાહેર કરી છે.મેયર મીરાબેન પટેલે વ્યક્તિગત રીતે ૧ લાખની સહાય આપી છે. ડેપ્યુટી મેયર નટવરજી ઠાકોર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ગૌરાંગભાઈ વ્યાસે ૫૧,૦૦૦ની સહાય આપી છે. કેટલાક કાઉન્સિલરોએ એક મહિનાનો પગાર શહીદના પરિવારને આપ્યો છે.મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વૈચ્છિક રીતે ૬,૬૫,૯૦૦ રૂપિયાનું યોગદાન આપ્યું છે. કુલ મળીને પદાધિકારીઓ, કાઉન્સિલરો, અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ૨૫ લાખથી વધુની રકમ શહીદના પરિવારને તુલસીપત્ર તરીકે અર્પણ કરવામાં આવી છે.આજે શહીદ રણજીતજી ઠાકોરના બેસણા પ્રસંગે મેયર મીરાબેન પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મહાનગરપાલિકાએ શહીદના પરિવારની પડખે ઊભા રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

# કલોલમાં તાપમન ૪૧ ડિગ્રીને પાર:વૃદ્ધ મહિલાને ચક્કર આવતા સરકારી હોસ્પિટલમાં દાખલ, ગરમીની અસરથી લોકો પરેશાન


કલોલમાં ભીષણ ગરમીની અસર લોકોના જનજીવન પર જોવા મળી રહી છે. તાપમાનનો પારો ૪૧ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયો છે. આ ગરમીની સીધી અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે.કલોલના રેલ્વે પૂર્વ વિસ્તારમાં આવેલ ગૌતમનગર રહેતા ૬૦ વર્ષીય મંજુલાબેન ભવાનભાઈ પરમારને અચાનક ચક્કર આવ્યા હતા. તેઓ ઘરમાં સૂઈ ગયા હતા




તેઓ ઉઠી ઊભા થઈ બાથરૂમ જવા માટે ઘરમાંથી બહાર નીકળતા હતા ત્યારે ચક્કર આવતા પડી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે કલોલ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.ફરજ પરના ડૉક્ટરે જણાવ્યું કે, ઊંઘમાંથી ઊઠ્યા પછી ચાલવા જતા તેમને ચક્કર આવ્યા હતા. આ ચક્કર ગરમીની અસરને કારણે આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. ગરમીના કારણે લોકોમાં બ્લડ પ્રેશરમાં વધઘટ અને શુગર લેવલમાં ઘટાડો થવાના કારણે ચક્કર આવવા જેવી સમસ્યાઓ જોવા મળી રહી છે.

# હવે મેટ્રો ટ્રેન ગાંધીનગર સચિવાલય સુધી દોડશે








ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રૂટમાં મહત્વપૂર્ણ વિસ્તરણની જાહેરાત કરવામાં આવી છે. ૨૭ એપ્રિલ ૨૦૨૫થી સાત નવા સ્ટેશનો પર મેટ્રો સેવા શરૂ થશે, જે મુસાફરો માટે વધુ સુવિધાજનક અને ઝડપી મુસાફરી સુનિશ્ચિત કરશે. ૨૭ એપ્રિલથી સાત નવા સ્ટેશનો પર મેટ્રો સેવા શરૂ થશે. આ નવા સ્ટેશનોમાં કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, સેક્ટર-૧૦એ અને સચિવાલયનો સમાવેશ થાય છે. હાલમાં મેટ્રો સેવા જીએનએલયુ, પીડીપીયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંધેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી અને સેક્ટર-૧ સહિતના આઠ સ્ટેશનો પર કાર્યરત છે. આ વિસ્તરણ પહેલા સચિવાલય સુધીના રૂટની ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

વિસ્તરણના ભાગરૂપે સચિવાલય સુધીના રૂટની ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ ટ્રાયલ રન દરમિયાન મેટ્રો ટ્રેનની કામગીરી, સમયપત્રક અને સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.